# સીતવાડા ખાતે બાથરૂમમા નાહવા ગયેલ મહિલાનો વિડીયો ઉતારવાને લઈને પોલીસ ફરિયાદ

**ગામના જ ઇસમ સામે પોલીસ ફરિયાદ થઈ : આરોપીએ અશ્લીલ વિડીયો ઉતારવા બાથરૂમના ઉપરના ભાગે મોબાઈલ મુકેલ હતો : મહિલાનો હાથ ભાગી મોબાઈલ ઝુંટવી લીધો : મહિલાના પતિ તથા સસરા ઠપકો આપવાજતા પતિ સાથે ઝઘડો કરી કડું માર્યુ**

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામે બાથરૂમ મા નાહવા ગયેલ મહિલાનો વિડીયો ઉતારવાને લઈને પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મહિલા દ્વારા એક ઈસમ વિરૃધ્ધ પોલીસ ફરીયાદ કરી

પ્રાંતિજ ના સીતવાડા ગામે રહેતી મહિલા કે જેવો પોતાના ઘરની બાજુમા તબેલાની પાસે આવેલ બાથરૂમ મા નાહવા ગયેલ અને નાહીને બાથરૂમ મા મુકેલ કપડા લેવા જતા એકદમ બાથરૂમ ઉપર મુકેલ મોબાઈલ ઉપર નજર પડતા મહિલાએ બુમાબુમ કરવા લાગેલ અને મોબાઈલ લઈ ઘર મા જતી હતી તે વખતે અતુલસિંહ વિક્રમસિંહ મકવાણા આવીજઈ મહિલાનો હાથ ચકોડી મહિલાના હાથમા રહેલ મોબાઈલ ફોન ઝુંટવી લીધો હતો તો મહિલા ના સસરા આવીજતા તેવોને ધક્કો માર્યો હતો તો મહિલાના પતિ તથા સસરા અતુલસિંહ વિક્રમસિંહ મકવાણા ના ઘરે જતા મહિલા ના પતિ તથા મહિલાના સસરા સાથે ઝઘડો કર્યો હતો અને મહિલાના પતિના માથામા અતુલસિંહ ના હાથમા પહેરેલ કડુ વાગ્યુ હતુ અને અતુલસિંહ દ્વારા જાતેજ પોતાનો મોબાઈલ ફોન તોડી આખ્યો હતો તો અવારનવાર મહિલાનો ખેતરમા આવતા જતા પીછો કરતો હોય મહિલાના પતિ ઠપકો આપવા જતા તકરાર કરી હતી જેથી મહિલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અતુલસિંહ વિક્રમસિંહ મકવાણા વિરૃધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૫૪, ૩૫૪ઞ,૩૨૩,૩૫૪ઙ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી.



પાલનપુર ખાતે સરકારી વસાહત માં રામધૂન નો કાર્યક્રમ રાખવા માં આવ્યો.. પાલનપુર માં આવેલ સરકારી વસાહત માં બ્રહ્માંડેશ્વર મહાદેવ મંદિર માં રામ ધુંન નો કાર્ય કર્મ રાખવા માં આવ્યો હતો .જેમાં નાના ભૂલકાં ઓ વડીલો ભાઈ ઓ બહેનો હાજર રહ્યા હતા.

**ગાંધીનગર સમાચારના અહેવાલની અસર...**

# ધાનેરાના થાવર ગામમાંથી છેલ્લા ૨૦ વર્ષથી પ્રેક્ટિસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો

**આ ડોક્ટર છેલ્લા ૨૦ વર્ષથી પ્રેક્ટિસ કરતો હતો તો શું આરોગ્ય વિભાગને જાણ નહીં હોય?**

ધાનેરા તા.૩

ધાનેરા તાલુકાના અનેક ગામોમાં જાણે બોગસ તબિબોનો રાફડો ફાટ્યો હોય તેમ બોગસ તબિબો ખુલ્લેઆમ લોકોના આરોગ્ય સાથે ગંભીર પ્રકારના ચેડાંઓ કરી રહ્યા છે. ત્યારે થાવર ગામે છેલ્લા વીસ વર્ષથી પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા સ્થાનિક નહી પણ બંગાળી બોગસ ડોકટર ઝડપી કોઈ વાઘ નથી માર્યો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, ધાનેરાના દરેક ગામડે ગામડે બોગસ તબીબોની હાટડીઓ ધમધમી રહી છે." ગાંધીનગર સમાચાર "ના પાના ઉપર "ધાનેરા મા બોગસ તબીબોનો રાફડો લોકોના જીવન સાથે રમત રમી રહ્યા છે"ના હેડિંગ સાથે સમાચાર સાથે પ્રસિદ્ધ થતા આખરે આરોગ્યતંત્ર ઊંઘમાંથી અચાનક જાગીને કાર્યવાહી હાથ ધરી છે.





સ્થાનિક બોગસ તબીબને છોડી માત્ર બહારના બોગસ તબીબ સામે જ કાર્યવાહી શું ધાનેરા તાલુકામાં આ એક જ બોગસ તબીબ છે...ગ્રામીણ વિસ્તારોમાં બોગસ તબીબોની અનેક હાટડીઓ છે તો કોની મહેરબાની ચાલે છે...? બહાર ના બોગસ તબીબ સામે કાર્યવાહી તો બીજા બોગસ તબીબને કેમ છાવરવામાં આવે છે.? છેલ્લા ૨૦ વર્ષથી આ બોગસ તબીબની હાટડી ધમધમતી હતી તો હવે અચાનક કાર્યવાહી કેમ.કેટલું મોટું સેટીંગ હશે કે દરેક ગામડે ગામડે બોગસ ડોકટરો પ્રેક્ટિસ બિન્દાસ કરી રહ્યા છે ...? બોગસ તબીબોની સામે કાર્યવાહી કરવાની જવાબદારી આરોગ્ય તંત્ર ની નથી?

ધાનેરા તાલુકાના અનેક ગામોમાં કેટલાક બી.એચ.એમ.એસ.ની ડિગ્રી ધરાવતા ડોકટરો એલોપેથી સારવાર કરી રહ્યા છે અને કેટલાક પાસે ગુજરાત મેડિકલ કાઉન્સીલનું સર્ટિફિકેટ પણ ધરાવતા નથી વળી કેટલાક તો કોઈ પણ જાતની ડિગ્રી વગર પણ લોકોની સારવાર માટે ક્લિનીક ખોલીને બેઠેલા છે. બનાસકાંઠાના ડીડીઓ સ્વપ્નિલ ખરે દ્વારા ઘણા ગામોમાં બોગસ તબીબ પ્રાઈવેટ પ્રેકટીસ કરતા હોવાથી તેમની સામે કાર્યવાહી કરવા તાકીદ કરાઈ હતી ત્યારે ગુરૂવારે ધાનેરાના તાલુકા હેલ્થ ઓફીસર લક્ષ્મીકાંત એન.સોમાણીએ તપાસ કરતાં થાવર ગામે જોયતાભાઈ પાતાભાઈ પટેલ (રહે.ભીલવાસ થાવર,તા. ધાનેરા) ના મકાનમાં ભાડેથી રમેશભાઈ પ્રભાષભાઈ બિશ્વા ઉર્ફે રમેશ બંગાળી (રહે-થાવર) છેલ્લા ૨૦ વર્ષથી ખાનગી પ્રેકટીસ કરે છે જેથી આયુષ મેડીકલ ઓફીસર તથા તાલુકા પ્રોગ્રામ આસીસ્ટન્ટ દેવાભાઈ બી. રજ્યા થાવર ગામે પહોંચી રમેશભાઈ પ્રભાષભાઈ બિશ્વાને ત્યાં પહોચતા તે પ્રેકટીસ કરતો જોવા મળ્યો હતો તેની પાસે તબીબી લાયકાતની ડીગ્રી અંગેના સર્ટી માંગતા તેમની પાસે કોઈ પણ જાતનુ મેડિકલનુ ડીગ્રી સર્ટીફીકેટ ના હોવા છતાં છેલ્લા ઘણા સમયથી થાવર ગામે તબિબી પ્રેકટીસ કરી દવાખાનુ ચલાવતો હતો દવાખાનામાં તપાસ કરતાં અલગ અલગ પ્રકારની દવાઓ તેમજ તબીબી સાધનો પણ મળી આવ્યા હતા જેથી તાલુકા આરોગ્ય અધિકારીની ટીમે તમામ સાધનો,દવાઓ સાથે ડીગ્રી વગરના બોગસ ડોકટરને ઝડપી ધાનેરા પોલીસના હવાલે કર્યો હતો.

**અધિકારીઓ અને બિલ્ડરો, રોડ કોન્ટ્રાક્ટરોની મોટાપાયે સાંઠગાંઠ**

# જિલ્લામાં તળાવો ઉંડા કરવામાં અનહદ ભ્રષ્ટાચારની આશંકા વધી, સરકાર ન્યાયિક તપાસ કરાવે

**ગત વર્ષે માટી નાખી હતી તેવા અનેક ખેતરો એન.એ. થઈ ગયા**

હિંમતનગર, તા.૦૩

જિલ્લામાં તળાવો ઉંડા કરવા માટેની કામગીરીનો પ્રારંભ થયો છે ત્યારે ખેડૂતોના ખેતરમાં માટી નાખવાની જોગવાઈ છે પરંતુ અધિકારીઓ અને બિલ્ડરો, રોડ કોન્ટ્રાક્ટરોની મોટાપાયે સાંઠગાંઠ સાથે પોતાના મળતિયાઓને જ તળાવ ઉંડા કરવાના કોન્ટ્રાક્ટ અપાતા હોવાની ચર્ચા છે. સરકાર દ્વારા ન્યાયિક તપાસ થાય તો ગત વર્ષે લાખો ઘનમીટર માટી જે ખેતરમાં નાખવામાં આવી હતી તે ખેતી વિષયક જમીન બિનખેતી કરી દેવામાં આવી છે અને ત્યાં બિલ્ડરો દ્વારા નવી સ્કીમો ઉભી કરવામાં આવ્યાનું પણ બહાર આવ્યું છે. જ્યારે ગત વર્ષે બીલ ચૂકવણામાં અનેક ભ્રષ્ટ અધિકારીઓએ ૧૫ ટકાથી પણ વધુની કટકી કર્યાની ફરિયાદ રાજ્યના પાટનગર સુધી પહોંચી છે.

મળતી વિગતો અનુસાર તળાવો ઉંડા કરાવા એટલે તળાવોમાં ખાડા ખોદવા અને અધિકારીઓની તિજોરી ભરવાની કામગીરી સમાન સુજલામ સુફલામ જળ અભિયાન બનીને રહી ગયું છે. ગત વર્ષે જે તળાવો ઉંડા થયા અને માટી ખેતરોમાં નાખવામાં આવી તે પૈકીના ૮૦ ટકા ખેતરો બિનખેતીમાં ફેરવાઈને બિલ્ડરોએ રેસીડેન્સીયલ અને કોમર્શિયલ સ્કીમ અમલી બનાવી દીધી છે તો કેટલાક રોડ કોન્ટ્રાક્ટરોએ તળાવોમાંની માટી રોડના પુરણમાં વાપરીને સરકારની તિજોરીને ભ્રષ્ટ અધિકારીઓના સથવારે કરોડો રૂપિયાનો રોયલ્ટીનો ચૂનો લાગવી દીધો છે. જ્યારે પાછલા ૪-૫ વર્ષથી મોટાભાગે એકના એક એજન્સીઓને જ તળાવ ઉંડા કરવાની કામગીરી મળી રહી છે અને તે પણ રાજકીય પક્ષોના આગેવાન અને કાર્યકરોના નિકટના સગા હોવાનું પણ સામે આવ્યું છે. સરકાર દ્વારા જિલ્લામાં તળાવો ઉંડા કરવામાં અનહદ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે ત્યારે ન્યાયિક તપાસ થાય તો અધિકારીઓની જે તે એજન્સીઓ સાથેની મોટી સાંઠગાંઠનો પર્દાફાશ થઈ શકે છે.

# ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ઈનોવેશન પ્રોજેક્ટ કોમ્પિટિશન-શોધ શિખર ૨૦૨૩માં ૮ ઈનામો જીત્યા

ગણપત વિદ્યાનગર, તા.૩

રવીન્દ્રનાથ ટાગોર યુનિવર્સિટી-ભોપાલ દ્વારા ૨૪મી અને ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન બે દિવસીય વાર્ષિક આંતરરાષ્ટ્રીય પરિષદ અને ઈનોવેશન પ્રોજેક્ટ સ્પર્ધા-શોધ શિખર ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં આત્મા નિર્ભર ભારત, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ડિજિટલ ઈન્ડિયા અને લોકલ ટુ ગ્લોબલ જેવી વિવિધ થીમ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. શોધ શિખર ૨૦૨૩ ના આ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ૩૬ વિદ્યાર્થીઓ સાથે ત્રણ ફેકલ્ટીઓએ ગણપત યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું. ગણપત યુનિવર્સિટીએ નવનિર્માણ સંશોધન પ્રોજેક્ટ સ્પર્ધામાં ૧૨ સંશોધન પ્રોજેક્ટ્સ અને શોધ શિખર- ૨૦૨૩ ખાતે અનુશોધન - આંતરરાષ્ટ્રીય સંશોધન પેપર સ્પર્ધામાં ૫ સંશોધન પેપર રજૂ કર્યા. ગણપત યુનિવર્સિટી ૮ ઈનામો એટલે કે નવનિર્માણમાં ૪ ઈનામો અને અનુધન કેટેગરીમાં ૪ ઈનામો જીત્યા.

આ પ્રસંગે ડો.મહેન્દ્ર શર્મા, માન. પ્રો ચાન્સેલર અને ડાયરેક્ટર જનરલ, ડૉ. અજય ગુપ્તા, ડાયરેક્ટર- સંશોધન અને વિકાસ અને ડૉ. ગિરીશ પટેલ, જોઈન્ટ એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રારએ વિદ્યાર્થીઓને તેમની અસાધારણ કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા. ગણપત યુનિવર્સિટી વિશિષ્ટ શૈક્ષણિક અને સંશોધન કાર્યક્રમો પ્રદાન કરીને સંશોધન આધારિત ઈકોસિસ્ટમ વિકસાવવા માટે કામ કરી રહી છે. ફેકલ્ટી



મેમ્બર્સ અને વિદ્યાર્થીઓ સમાજને આજે વિવિધ પડકારોનો સામનો કરવા માટે મદદ કરવા માટે નવી-યુગની તકનીકો પર કામ કરી રહ્યા છે દા.ત. નવીનીકરણીય ઉર્જા, સ્વચ્છ પાણી, પરિવહન, આરોગ્યસંભાળ, પર્યાવરણ અને કચરો વ્યવસ્થાપન વગેરે.

# હોળી તહેવારના આગમન પૂર્વે બજારોમાં ધાણીના ભઠ્ઠા ધમધમ્યા...

**હોળી પ્રદક્ષિણામાં ધાણી અને ખજૂર પ્રસાદરૂપે વહેંચાય છે, નવ પરિણીત યુગલો હોળીમાં ધાણીનો હોમ કરી આશીર્વચન મેળવે છે...**

ગાંભોઈ, તા.૩

હોળી પર્વના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ગ્રામ્ય અને શહેરની બજારોમાં ખજૂર-ધાણી થી બજારો ધમધમી ઉઠયા છે. મકાઈ-જુવારની ધાણી ફોડી વેચાણ કરતાં વેપારીઓએ ધાણી ભઠ્ઠાનો આરંભ કરી હોળી તહેવાર તહેવારમાં ધાણીની માંગને પૂરી કરવા ધાણી ફોડવાના કામે પરોવાયા છે. હોળી પર્વ પર ખજૂર ધાણી નો પ્રસાદ ખાવા નું ખાસ મહત્વ રહેલું છે મૂળ રાજસ્થાનના વતની અને હાલ ગાંભોઈમાં મકાઈની ધાણીનો ભઠ્ઠો ચલાવતા વેપારી નારણભાઈ આર્ય જણાવે છે કે હાલ હોળીના આગમન





પહેલા જ ગ્રામ્ય અને શહેરોમાંથી નાના-મોટા રીટેલ વેપારીઓની સારી મકાઈની ધાણી અને જુવારની ધાણી માટે ભારે માંગ થઈ રહી છે. ચાલુ વર્ષે મકાઈ અને જુવાર ની ધાણી એક કિલોના રૂ.૧૦૦ થી રૂ.૧૨૦ ના બજાર ભાવ રહ્યા છે જ્યારે ખજૂરમાં ઈરાની, સીડલેસ, રેહાન બ્લેક, પીઆર વગેરે ખજૂરની વિવિધ જાતોમાં એક કિલ્લોના રૂ.૫૦ થી માંડીને રૂ.૧૫૦ સુધી ખજૂરનું વેચાણ થઈ રહ્યું છે. વર્ષોની પરંપરા મુજબ હોળી પર્વે નવપરિણીત યુગલો પોતાનું દાંપત્યજીવન સુખી નીવડે તે હેતુથી લગ્ન પછીની પહેલી હોળીએ રાત્રે હોળી દહન દરમિયાન પ્રદક્ષિણા ફર્યાબાદ ધાણીનો હોમ કરી હોળીકા ના આશીર્વચન મેળવે છે. જ્યારે શ્રદ્ધાળુ લોકો પણ પ્રદક્ષિણા કરી હોળીકા દહનમાં ધાણીનો હોમ કરી આગામી સારા વર્ષની અભિલાષા સાથે ધાણી અને ખજૂર પ્રસાદરૂપે વહેંચતા હોય છે. હોળી પર્વની આ વર્ષોજૂની પરંપરા અને શ્રદ્ધા આજે પણ ગ્રામ્ય અને શહેરોમાં જોવા મળે છે.

# પાલનપુર પાલિકામાં ભંગારનો વિવાદ પાલિકાના ખાતામાં ૧૨ લાખ આવી ગયા

**વિપક્ષે કહ્યું કારોબારી ચેરમેન તાત્કાલિક રાજીનામું આપે**

પાલનપુર તા.૩

પાલનપુરની નગરપાલિકામાં ભંગારનો ભ્રષ્ટાચાર સામે આવ્યા બાદ કારોબારી સમિતિ વિવાદમાં સપડાઈ છે અને ભંગાર આપી દેવાની પ્રક્રિયા સામે પાલિકાના ભાજપના સભ્યોમાં આંતરિક કચવાટ વ્યાપી ગયો છે. મામલો ત્યારે સામે આવ્યો જ્યારે વિપક્ષે સ્ક્રેપની હરાજી મામલે પાલિકામાં વિગતો માંગી હતી. જોકે ત્રણ દિવસ બાદ પણ પાલિકા દ્વારા વિપક્ષને કોઈપણ વિગત આપવામાં આવી નથી. જોકે પાલિકાની એકાઉન્ટ શાખામાં ૧૨ લાખ આવ્યા હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર નગરપાલિકાના કારોબારી




સમિતીએ પાલિકામાં પડેલો ભંગાર અપસેટ પ્રાઈઝ કરતા પણ નીચી કિંમતે આપી દેતા વિવાદો સર્જાયા હતા. જોકે મોડે મોડે કારોબારી સમિતિએ સમગ્ર પ્રક્રિયા રદ કરાવીને ભંગાર પાછો મંગાવાની તજવીજ હાથ ધરી છે. જેની અવેજમાં પાલનપુર નગરપાલિકાના એકાઉન્ટમાં ૧૨ લાખ જમા પણ થયા છે. વિપક્ષના નેતા અંકિતાબેન ઠાકોરે જણાવ્યુંહતું કે "પાલિકાના માલ સામાનની જાહેરમાં હરાજી કરવી જોઈએ પ્રમુખ અને ઉપપ્રમુખની સહી વગર કારોબારી સમિતિના ચેરમેને ખોટું કર્યુ છે. ત્રણ દિવસથી નગરપાલિકામાં સમગ્ર પ્રક્રિયા અંગેના કાગળો માંગ્યા છે પરંતુ પાલિકા દ્વારા બતાવવામાં આવતા નથી. જો વિપક્ષના નેતા સાથે જ આવું થતું હશે તો સામાન્ય નાગરિક શું અપેક્ષા રાખશે? ખરેખર કારોબારી સમિતિના ચેરમેન પદેથી દિપકભાઈ પટેલે રાજીનામું આપી દેવું જોઈએ. અમે આ મામલે જિલ્લા કલેક્ટરમાં ફરિયાદ કરીશું." તો બીજી તરફ કારોબારી સમિતિના ચેરમેન દીપકભાઈ પટેલે જણાવ્યું હતું કે " સ્કેપ અંગેની સમગ્ર પ્રક્રિયા નવેસરથી કરવામાં આવશે."

# જિલ્લામાં રંગોના પર્વોનો થનગનાટ: પિચકારી, રંગબેરંગી કલરનો ઢગ ખડકાયો

**પરીક્ષાના માહોલમાં ખરીદીમાં મંદી**

બાયડ, તા.૦૨

એકબીજા સાથે કડવાહટ ભૂલવાનો રંગોના પર્વ ગણાતા હોળી-ધૂળેટીનું પર્વ નજીકમાં છે ત્યારે બજારોમાં તેની નોંખી રોનક અને થનગનાટ જોવા મળી રહ્યો છે. મોંઘવારીએ રંગોના પર્વને પણ ચેપ લગાડ્યો છે. પિચકારીના ભાવમાં ૩૦ ટકા સુધીનો વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને બાળકો અને યુવાનો હોળી-ધૂળેટી પર્વને ઉત્સાહભેર મનાવતા હોય છે પરંતુ પર્વની સાથે બોર્ડની પરીક્ષા પણ નજીકમાં હોવાના કારણે સીધી અસર રંગોના પર્વ ઉપર જોવા મળે છે. જિલ્લાના બજારોમાં હોળી-ધૂળેટીની ખરીદીથી બજારો ઉભરાઈ જશે તેવી સંભાવના વેપારીઓએ વ્યકત કરી છે. બજારોમાં અવનવી પિચકારી અને રંગબેરંગી કલરના ઢગ ખડકાઈ ગયા છે.

ઉત્સવનું દરેકના જીવનમાં અનેક ગણું મહત્વ રહેલું હોય છે. જ્યારે રંગોનું પર્વ માત્ર ગુજરાત પૂરતું નહીં સમગ્ર દેશમાં તેનું આગવું મહત્વ હોવાની સાથે રાજસ્થાનની હોળી-ધૂળેટીની આગવી ઓળખ રહેલી છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની સરહદો રાજસ્થાનના સીમાડા સાથે જોડાયેલી હોવાથી અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા એક સપ્તાહથી હોળી-ધૂળેટી પર્વની ઉજવણી શરૂ થઈ ગઈ છે. હોળી પર્વને લઈને હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અનેક પરિવારોએ પોતાના ત્યાં પ્રથમ પુત્રનો જન્મ થયો હોવાથી જેમ ના પ્રસંગો અને ભોજન સમારંભો આયોજીત કર્યા છે. જેના કારણે ઝવેરી બજાર અને કાપડ બજારમાં ખરીદી જોવા મળી રહી છે. બંન્ને જિલ્લાના વેપારી મથકોએ બજારોમાં હોળી-ધૂળેટીની ખરીદીની ઘરાકી જામી રહી છે. જિલ્લામાં ૭૦થી પણ વધુ પ્રકારની વેરાયટી યુક્ત પિચકારીઓ બજારમાં ઠલવાઈ રહી છે. મેડઈન ઈન્ડીયા પિચકારીને મેડઈન ચાઈના પિચકારી હંફાવી રહી છે. બજારમાં સીઝનેબલ ધંધો કરનારા વેપારીઓએ લાખો રૂપિયાનું





હોળી-ધૂળેટીના પર્વની ઉજવણી પાછળ રોકાણ કર્યાનું જાણવા મળ્યું છે. ટૂંકમાં બોર્ડ પરીક્ષાના કારણે હોળી-ધૂળેટી પર્વની રોનક બજારોમાં જોઈએ તેવી જામી નથી છતાં એકંદરે વેપારીઓને રાહત આપે તેવી ઘરાકી જોવા મળી રહી છે.

# જિલ્લાના એક અધિકારીએ પ્રેમિકાને રૂા.૧૨ લાખની કાર લઈ આપી : કારનો વિમો ભરવા જતાં ભાંડો ફૂટ્યો

બાયડ, તા.૦૩

જિલ્લાના એક બહુ બકબક કરતા અધિકારીએ તેની સરકારી નોકરી કરતી પ્રેમિકાને રૂા.૧૨ લાખની કાર લઈ આપી રંગરેલીયાંનો સિલસિલો આગળ તો વધાર્યો પરંતુ કારનો વિમો ભરવા જતાં ભાંડો ફૂટ્યો છે અને અધિકારીના પરિવારમાં હોળી પહેલાં જ હૈયાહોળી જેવી સ્થિતિ લાવી દીધી છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર એક મામલતદાર કેડરના અધિકારીએ અનેક લોકોને પોતાની ફરજ દરમ્યાન બાટલામાં ઉતારી દીધા છે અને છેતરાયેલા લોકો આજે પણ તેના ઘર આસપાસ ઉઘરાણી માટે આંટાફેરા મારતા હોવાની ચર્ચા છે. જ્યારે અધિકારી અન્ય જિલ્લામાંથી વતનમાં આવ્યા તે પૂર્વે તેની સરકારી નોકરી કરતી પ્રેમિકાને મળવા માટે રાજસ્થાન સરહદ નજીકના ગામમાં જતો અને નજીકની હોટલોમાં રોકણ કરતો હતો આવો સિલસિલો ૪ વર્ષ સુધી ચાલ્યો અને પછી સારી કમાણી કરનાર અધિકારીએ તેની પ્રેમિકાને રૂા.૧૨ લાખની કાર લઈ આપતાં સામાન્ય પગારમાં નોકરી કરતી મહિલા લક્ઝૂરીયર્સ કાર કેવી રીતે લાવી તેની કાનાફૂંસી શરૂ થઈ અને સ્ટાફમાંના અન્ય સભ્યો વારંવાર મહિલા કર્મચારી ઉપર આવતા ફોન ઉપરથી સમજી ગઈ કે કોનો ફોન આવે છે અને ત્યારબાદ કારનો વિમો ભરવા જ તાં ભાંડો ફૂટ્યો છે. આવનારા દિવસોમાં સદર અધિકારીના અનેક રાજ જાહેરમાં આવી જવાની સંભાવના પણ વ્યક્ત થઈ છે.